# ભોજો ભગત

લાલસિંગ ચંદનસિંગ રાજપૂત
આચાર્ય,
પસવાદળ પ્રા.શાળા. રજોસણા ,તા. વડગામ, જી. (બ.કાં.)

**જન્મ :** દેવકીગાલોલ, જેતપુર.
**અવસાન:** ૧૮૫૦

ચાબખા લખનાર મધ્યકાળનો ગુજરાતી ભક્ત કવિ. તેમની જન્મ તિથિ નિર્ણીત નથી, પરંપરાથી તેમની કર્મભૂમિ ફતેપુર (અમરેલી) માં વૈશાખી પૂર્ણિમાએ તેમની જન્મજયંતી નો મહોત્સવ ઊજવવામાં આવેછે, ભોજા ભગતના પિતાનું નામ કરશન ભગત તથા માતાનું નામ ગંગાબાઈ હતું. જ્ઞાતિએ સાવલીયા અટકના લેઉવા પાટીદાર હતા. જન્મથી જ ભોજા ભગતમાં વિલક્ષણ વ્યક્તિત્વ અને અલૌકિક તેજ હતું ! તેમની બાર વર્ષની વય થઇ ત્યાં સુધી તેમણે અન્નનો આહાર કર્યો ન હતો, માત્ર દૂધ જ પિતા હતા, તેથી આખા સોરઠ પંથકમાં તેઓ ત્યારે 'દૂધાહારી બાલયોગી' તરીકે વિખ્યાત હતા. ગિરનારના રામેતવન નામના એક યોગી દેવકીગાલોલ આવ્યા.ભોજા ભગતને તેમણે આશીર્વાદઆપ્યા તથા મસ્તક ઉપર હાથ મૂકી શક્તિપાત કર્યો, જેનાથી ભોજા ભગતની કુંડલિની શક્તિ જાગ્રત થઇ. તેમણે ભોજા ભગતને અન્નપ્રાશન કરવાનો આદેશ આપ્યો અને તેમના માતાપિતાને કહ્યું, 'આ બાળક મહાન ભગત, યોગી અને કવિ થશે' ગુરૂ રામેતવનનું આ ભવિષ્યકથન સાચું પડ્યું. ભોજા ભગતે એમની વાણીના પ્રત્યેક પદના અંતે 'ભોજા ભગત કહે ગુરુ પ્રતાપે' એમ કહીને આ ગુરુકૃપાનું અહોભાવથી સ્મરણ કર્યુ છે.

લગભગ ૨૫ વર્ષની ઉંમર થઇ ત્યાં સુધી ભોજા ભગત દેવકીગાલોલ રહ્યા, પરંતુ પછી રાજકીય અંધાધૂંધી તથા દુષ્કાળને લીધે, તેમનું કુટુંબ ત્યાંથી સ્થળાંતર કરી ગાયકવાડી રાજ્યના અમરેલી પ્રાંતમાં આવ્યું. અહીં સુશાસનના પરિણામે પ્રજામાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ હતાં. થોડો વખત તેઓ અમરેલી નજીક ૪.૮ કિ.મી દૂર ચક્કરગઢ ગામમાં રહ્યાં. તે સમયમાં અમરેલીમાં ગાયકવાડના શૂરવીર, બુદ્ધિશાળી અને બાહોશ દીવાન વિઠ્ઠલરાવ દેવાજી ( કાઠિયાવાડી દિવાન ) નું કડક શાશન હતું. આખા કાઠિયાવાડ પર તેમની ધાક હતી. ચક્કરગઢ ગામમાં અલ્પ સમય વસ્યા પછી ભોજા ભગત અમરેલીથી દક્ષિણમાં ૩.૨ કિ.મી દૂર એક નિર્જન ટીંબામાં આશ્રમ બાંધી રહેવા લાગ્યા. એ ટીંબાનું નામ 'ફતેપુરીયો ટીંબો' હતું ત્યાં પહેલાં ગામ હતું, પરંતુ ત્યાં ભૂતપ્રેત થાય છે એવી માન્યતાથી તે ઉજ્જડ બની ગયેલું. ભોજા ભગતે પહેલું કામ આવી અંધશ્રધ્ધા ને દૂર કરવાનું કર્યુ. ત્યાં આશ્રમ સ્થાપ્યો. લોકમાનસ માંથી અંધશ્રધ્ધા અને વહેમનાં ઝાડી ઝાંખરાં હટાવી, શ્રદ્ધા અને સમજદારીના બીજ વાવ્યાં અને ત્યાં ભક્તિરસથી ઊભરાતું 'ફતેપુર' ગામ વસાવ્યું. આ જ ગામમાં ભોજા ભગતે સતત ૪૦ વર્ષ સુધી અખંડ સાધના કરી ભક્તિ, જ્ઞાન અને કાવ્યવાણીની ત્રિવેણી વહાવી હતી. ભોજા ભગત 'ચમત્કારો કરી ભોળા લોકોને ભરમાવે છે' એવી રાવ કોઈ વિધ્ન સંતોષી માણસે, અમરેલીના દિવાન વિઠ્ઠલરાવને કરી તેથી તપાસ કરવા એમણે ભોજા ભગતને અમરેલી બોલાવ્યા અને ભરી સભામાં તેમણે ચમત્કારો' કરવા કહ્યું. ભોજા ભગતતો સરળ સંત હતા. તેમણે કહ્યું, 'મહારાજ ! મને ચમત્કાર નથી આવડતા. હું તો ભૂખ્યાને ભોજન કરાવું છું અને હરિભજન કરુંછું. પરમ કૃપાળુ પરમાત્માએ આપણને આ અમૂલખ મનખાદેહ આપ્યો એજ મોટો ચમત્કાર છે !' ભગતની આવી નિષ્કપટ વાણીમાં દિવાન વિઠ્ઠલરાવને કપટની ગંધ આવી અને તેમણે ભોજા ભગતને ૧૫ દિવસ કારાગૃહમાં નજરકેદ કર્યા. ભોજા ભગત યોગી હતા તેથી યૌગિક ક્રિયાથી ૧૫ દિવસ પર્યંત એકાસન ઉપર બેસી રહ્યા અને 'અજપાજાપ' જપતા રહ્યા. દિવાનને ભગતની આધ્યાત્મિક શક્તિનો પરિચય થયો. તેમને બહુમાનપૂર્વક સભામાં લઈ આવ્યા, એમના શિષ્ય બન્યા અને આત્મકલ્યાણ માટે ઉપદેશ આપવા વિનંતી કરી. આ વખતે, બિલકુલ નિરક્ષર હોવા છતાં, ભોજા ભગતના અંતરમાંથી વાણીની પાવન ગંગા પ્રગટી અને દિવાનને કુલ ૧૫૦ પદો સંભળાવ્યા, જે ગુજરાતી સાહિત્યમાં 'ચાબખા' નામથી જાણીતાં છે. ભોજા ભગતના આ પદો મૌલિક છે, માર્મિક છે અને

નૂતન લયવાળાં છે. આ કાવ્ય પ્રકારનું 'ચાબખા' નામાભિમાધાન પણ એમણે જ આપ્યું છે. એમના એક પદમાં પણ આ નામનો ઉલ્લેખ થયોછે.

'ચાબખડો સદગુરુ તણો જેને વ્રેહે ઘણો વાગ્યો રે'

તેમાં તત્કાલીન સમાજના વહેમો, રૂઢીઓ, પાખંડો, ધર્માંધતા અને જડતા ઉપર તીખી તરવાર જેવી ભાષામાં વેધક પ્રહારો કર્યાછે.

ગુજરાતી સાહિત્યમાં નરસિંહના પ્રભાતિયા, અખાના છપ્પા, ધીરાની કાફી, દયારામની ગરબીની જેમ જ ભોજા ભગતના 'ચાબખા' લોકપ્રિય છે. 'ચાબખા' ઉપરાંત ભોજા ભગતે પ્રભાતિયાં, કિર્તન, ભજન, ધોળ, ધૂન, સરવડાં, કવિત, તિથિ, વાર, મહિમા, હોરી, બાવનાક્ષરી, આખ્યાન તથા ભક્તમાળ જેવી રચનાઓ કરી છે. મનસુખલાલ સાવલીયાએ સંપાદિત કરેલ 'ભોજા ભગતની વાણી' માં કુલ ૨૦૪ પદોનું સંકલન છે. સંસારની અસારતા બ્રહ્મપ્રાપ્તિ એ જ તેમની કવિતામાં ગુંજતો ધ્વનિ છે. ગુરુકૃપા, સંતસ્મરણ, પ્રભુભજન અને આત્મવિશ્વાસ ( ભરોંસા ) ઉપર ભોજા ભગત ખૂબજ ભાર મૂકે છે. માયાવશ જીવનને ભક્તિનો રંગ ચડે એટલા માટે સનાતન સત્યને, કવિતાની ખરલમાં તેમણે અવિરત ઘૂંટ્યા કર્યુ છે.

ભોજા ભગતની ભાષા તળપદા ઠોકવાળી ગ્રામીણ છતાં મનને ગમી જાય તેવી, સાદી છતાં ચોટદાર છે. તેની અભિવ્યક્તિ સ્પષ્ટ અને અસરકારક છે. તત્વજ્ઞાન અને વૈરાગ્યની ગહન વાતો અંતરમાં ઉતરી જાય તેવી રીતે તેમાં થઇ છે. શબ્દોના તથા અર્થોના અલંકારોની રંગીન આતશબાજી ભોજા ભગતની વાણીમાં એવી રીતે ફૂટે છે કે એવાં બધાં કાવ્યાત્મક તત્ત્વોને કારણે ભોજા ભગત મધ્યયુગના તેજસ્વી કવિઓની હરોળમાં મુકાય છે. આમ, વાણીની વીણામાંથી અધ્યાત્મજ્ઞાનનું સંગીત રેલાવતાં ઈશ્વરના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવનાર ભોજા ભગત મહાન ભજના સાગરના કુશળ વહાણવટી હતા.

ભોજા ભગતના અનેક શિષ્યોમાં બે શિષ્યો મુખ્ય ગણાય છે : વિરપુર ના ભગત જલારામ તથા ગારિયાધાર ગામમાં થયેલ ભગત વાલમરામ. આ બંન્ને સ્થળોએ આજે પણ ભોજા ભગતના ગુણગાન ગાતા ભવ્ય આશ્રમો છે. અમરેલી નગરની બાજૂમાં ભોજા ભગતની જગ્યા છે, જ્યાં તેમના ભજનના ઓરડામાં ભોજા ભગતના સ્મૃતિચિહ્નો – ઢોલિયો, પાઘડી, માળા અને ચરણપાદુકા સાચવવામાં આવ્યાંછે અને તેનું નિત્ય પૂજન થાય છે. ૧૮૫૦મા ભોજા ભગતે પોતાનો દેહત્યાગ શિષ્ય જલારામ નાં સાન્નિધ્યમાં વીરપુરમાં કર્યો હતો. જ્યાં તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવેલા તે સ્થળે સમાધિની સ્મૃતિનું નિર્માણ કરવામાં આવ્યું છે અને જલારામની જગ્યામાં એમનું ફૂલસમાધિ નું મંદિર છે.

તેમના પદોમાં તેઓ પોતાનો ભોજલ તરીકે ઉલ્લેખ કરતા હતા. ભક્તમાળામાં ગોપીઓથી વિખૂટા પડતા કૃષ્ણનું વર્ણન છે. ચાલૈયાખ્યાન અને તેમનું ભજન કાચબો અને કાચબી જાણીતાં છે.

" વન્દે ગુજરાત "

**સંદર્ભ**

૧.ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧૪